


**રાજ્ય સરકારે ગુજરાતની નારીશક્તિનું ગૌરવ કર્યું છે**

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આજે રક્ષાબંધન પર્વ નિમિત્તે સમાજના વિવિધ વર્ગોની બહેનો-માતાઓએ રક્ષાશક્તિ કવચરૂપે રાખડીઓ બાંધી હતી. રક્ષાબંધનની શુભકામના પાઠવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે રાજ્ય સરકારે ગુજરાતની નારીશક્તિનું ગૌરવ કરવાના અનેકવિધ કાર્યક્રમો કર્યા છે. ગાંધીનગરમાં મંત્રી-નિવાસ સંકુલમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને રાખડી બાંધવા શ્રમજીવી બહેનો સહિત સમાજના જુદા જુદા વર્ગોની બહેનો ઉમટી હતી. રક્ષાબંધન પર્વનો મહિમા આપણા સમાજ જીવનના સંસ્કારમૂલ્યોનું સંવર્ધન કરે છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ સમાજના સામાન્ય માનવી અને બહેનોની રક્ષા કાજે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## કેન્દ્ર સરકાર આતંકવાદી તત્વો સામે ઝિરો ટોલરન્સની ક્ષમતા દાખવે

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બુધવારે મોડી સાંજે મહારાષ્ટ્રના પૂણેમાં થયેલી બોમ્બ વિસ્ફોટની ઘટનાના સંકેતોને ચિંતાજનક અને અતિ ગંભીર ગણાવતાં જણાવ્યું છે કે, આતંકવાદ સામે ભારત સરકાર 'ઝિરો ટોલરન્સ'ની ક્ષમતા દાખવીને નક્કર કામગીરી કરે અને દેશમાં સરકાર છે તેની પ્રતિતી જનતાને કરાવે તે આવશ્યક છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ ભારતમાં ભયનો માહોલ અને અસ્થિરતા સર્જવાના નાપાક તત્વોના ઈરાદાઓ સામે કેન્દ્ર સરકારે સતર્કતા દાખવવી અનિવાર્ય બની ગઈ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે કેન્દ્ર સરકારને આ તત્વોએ પડકાર ફેંક્યો છે કે તેમની શક્તિઓ બદ ઈરાદાઓની તાકાતને નકારી શકાય તેમ નથી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આ ઘટનાનો વિષય એ નથી કે વિસ્ફોટનો પ્રયોગ ક્યાં થયો ? કેટલી તીવ્રતાથી થયો ? કેટલું નુકશાન થયું ? પરંતુ આ નાપાક તત્વોએ સરકારને પડકાર કર્યો છે કે એમની તાકાતને નકારી શકાશે નહિં અને કેન્દ્ર સરકારે તેનો જવાબ આપવો જોઈએ.

# આજે કેન્દ્રીય કૃષિમંત્રી પવાર સાથે સરકારની બેઠક : અછતની સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૨

કેન્દ્રીય કૃષિ મંત્રી શરદ પવાર આજે સાંજે બે દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે. આવતીકાલે તેઓ રાજ્ય સરકાર સાથે અછતની સ્થિતિ અંગે સમીક્ષા કરશે.

ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય મંત્રી શરદ પવાર સાથે રાજયના કૃષિ મંત્રી અને કૃષિ વિભાગના અધિકારીઓ સાથે એક બેઠક મળનારી છે. આ બેઠકમાં રાજય સરકાર દ્વારા રાજયમાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી અછતની પરિસ્થિતિ અંગે ચિતાર રજુ કરશે.

વરસાદ ખેંચાતા રાજયમાં નિષ્ફળ ગયેલ વાવેતર અંગે, પીવાના પાણીની ઉભી થયેલી પરિસ્થિતિ, પશુઆહાર, ઘાસચારા સહીતની પરિસ્થિતિ અંગેનો ચિતાર આપશે. અને રાજયમાં અછતની આ સ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્ર સમક્ષ એક મેમોરેન્ડમ પણ રજુ કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ રાજયો માટે બે હજાર કરોડની આર્થિક સહાય મંજૂર કરી છે. જેપૈકી ગુજરાતને ૩૨૦ કરોડની સહાય આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે દુષ્કાળ પ્રભાવિત રાજયો માટે ખેડૂતોને ડિઝલમાં ૫૦ ટકા સબસીડી આપવાની જાહેરાત પણ કરી છે.

રાજયના કૃષિ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે કેન્દ્રએ મંજૂર કરેલી સહાય અપૂરતી છે. રાજય સરકાર સબસીડી ઉપરાંત કેશડોલ્સ અછત રાહતના કામો ખેડૂતોને બિયારણ ખાતર અને અન્ય રાહતો આપે તેવી માંગણી રાજય સરકાર દ્વારા આવતીકાલે કેન્દ્રીય, મંત્રી સમક્ષ કરવામાં આવશે. વિવિધ વિભાગોના અધિકારીઓએ એક આવેદનપત્ર પણ તૈયાર કર્યું છે. જેમાં અપાયેલી સહાય કરતાં પાંચ ગણી સહાય માંગવામાં આવનાર છે.

શરદ પવાર સાથે કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. ઉજી એ બેઠક બાદ સાંજે ગુજરાતથી રવાના થશે. તેઓ દુષ્કાળગ્રસ્ત સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોની મુલાકાત લે તેવી શકયતા પણ જોવાઈ રહી છે.

# ગાંધીનગરનું પ્રવેશદ્વાર હાર્દસમા ચિલોડા પોલીસ સ્ટેશન બીજા વર્ષમાં મંગલ પ્રવેશ : અનેક સુવિધા ઝંખે છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડાના હાર્દસમા ચિલોડા પોલીસસ્ટેશનનું ૧લી ઓગષ્ટ-૨૦૧૨ એક વર્ષ પૂર્ણ થતાંબીજા વર્ષમાં મંગલ પ્રવેશ કરતાં આ વિસ્તારમાં થઈ રહેલા વિકાસ અને પ્રગતિની સાથે અનેક ગામોની પોલીસ અનેક રીતે સ્ટેશન આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.

ડભોડા પોલીસ સ્ટેશનના વિસ્તારનામાંથી ટુંકાવી ચિલોડા પોલીસ સ્ટેશનનો શુભારંભ ૧લી ઓગષ્ટ-૨૦૧૧ના રોજ જિલ્લાના ડી.આઈ.જી. એ. કે. શર્મા તથા એસ.પી. અર્ચના શિવહરે દ્વારા ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં સ્વ. ડી.બી. સ્વામીનારાયણ સાહેબની નિમણુંક થઈ હતી. ત્યારબાદ તેમની બદલી થતાં સંજોગવશાત હાર્ટહેટેકથી નિધન થવા પામ્યું હતું. આ પોલીસ સ્ટેશનની સ્થાપનાનું એક વર્ષ પૂર્ણ થતાં અત્યાર સુધી જુગાર, દારૂ, ધાડ, મારામારી, ખૂન તથા અકસ્માત સહિત અન્ય ગુનાઓ નોંધાવા પામ્યા છે. આમ ચિલોડા પોલીસ સ્ટેશનમાં છાલા તથા સાદરા આઉટ પોસ્ટ તેમજ ચિલોડા સહિત ૨૦ જેટલા ગામો સમાવિષ્ટ કર્યા હતા. જેમાં ચિલોડા, ચંદ્રાલા, છાલા, જાખોરા, સાદરા, દશેલા, આલમપુર, શિહોલી મોટી, લેકાવાડા, ઈસનપુર મોટી, ધણપ, ગિયોડ મગોડી, દોલારાણા વાસણા વગેરે સહિત આજુબાજુના અન્ય ગામોને આવરી લેવાયા છે. પરિણામે આ વિસ્તારમાં તુરત જ પોલીસ સેવાની ઉપલબ્ધિ, અન્ય ગુનાઓ અંગે નાની-મોટી ફરિયાદો પ્રત્યે ઝડપી અંકુશિત કરવાનું ધ્યાન તથા કામગીરીમાં ન્યાય પ્રક્રિયા સરળ બને તેવા પ્રયાસોની વ્યવસ્થા નોંધપાત્ર બનશે.

હાલમાં પી.આઈ. તરીકે બી.સી. ઠક્કર સાહેબ તથા પી.એસ.આઈ. તથા પોલીસ કર્મીઓ ફરજ બજાવી રહ્યા છે. જ્યારે ચિલોડા પોલીસ સ્ટેશનનું એક વર્ષ હેમખેમ પૂર્ણ થયા બાદ ચિલોડા સહિત તથા નેશનલ હાઈવેથી ધમધમતો વિસ્તાર અનેક રીતે મોખરાનું સ્થાન ધરાવતાં અનેક જરૂરી વ્યવસ્થા તથા સુવિધાની અનિવાર્યતા જણાતાં સ્થળ પ્રમાણે તાતી જરૂરિયાત પ્રત્યે ધ્યાન અપાય તેવું જણાઈ આવે છે.

## સે. ૨૭માં મહિલાએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સેક્ટર-૨૭ ખાતેની શિવશક્તિ સોસાયટીમાં આજે એક ૩૫ વર્ષીય પરણિતાએ અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી જે અંગે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭માં આવેલ શિવશક્તિ સોસાયટી પ્લોટ નં. ૯૬૦માં તુષારભાઈ જીવણભાઈ ચાવડાની પત્ની ૩૫ વર્ષીય હેતલબેન તુષારભાઈ ચાવડાએ આજે બપોરના સમયે અગમ્ય કારણોસર મકાનના સિલીંગ પંખા પર દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી હતી. બાદમાં પરિવારજનોએ આ ઘટના જોઈ તાત્કાલિક સેક્ટર-૨૧ પોલીસમથકે જાણ કરી હતી. પોલીસે બનાવ સ્થળે આવી મહિલાના મૃતદેહને નીચે ઉતારી તપાસ કરતા તેની પાસેથી એક ચીઠ્ઠી મળી આવી હતી. પોલીસે ચીઠ્ઠી કબજે લઈ મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. આ અંગે સેક્ટર-૨૧ પોલીસમથકના પી.એસ.આઈ. જે.એસ. પરમારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખોરજ નર્મદા કેનાલમાં યુવાને મોતની છલાંગ લગાવી

ગાંધીનગર, તા. ૨

જિલ્લાના ખોરજ ગામ નજીક ખોરજ નર્મદા કેનાલમાં તારાપુર ગામના વ્યકિતને એક યુવાનનો તરતો મૃતદેહ નજરે પડતા તેણે આ મામલે અડાલજ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ઘટના સ્થળે આવી યુવકના મૃતદેહને બહાર લાવી તેની ઓળખવિધિ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ અડાલજ નજીક તારાપુર ગામમાં રહેતા પરબતજી મણાજી ઠાકોરને ખોરાજ નર્મદા કેનાલના પાણીમાં તરતો મૃતદેહ નજરે પડયો હતો. અને તુરંત જ અડાલજ પોલીસને જાણ કરી હતી. પોલીસને જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી યુવાનના મૃતદેહને બહાર નિકાળ્યો હતો. જેને વાદળી રંગનું પેન્ટ અને કાળા રંગનો શર્ટ પહેરેલ હતો તેવું જાણવા મળ્યું હતું. પોલીસે આ આપઘાત અંગે ગુનો નોંધી તેની ઓળખવિધિ હાથ ધરી હતી.


## રાંધેજા નિસર્ગોપચાર કેન્દ્રમાં વૃક્ષારોપણ સપ્તાહ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલા સ્વ. જે. જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્રમાં તા. ૧૪મી જુલાઈથી ૨૧મી જુલાઈ દરમિયાન વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

કુદરતી ઉપચાર કેન્દ્રના મુખ્ય ચિકિત્સક ડ. ધર્મેશ પટેલ, ડૉ. દિપ્તીબેન તથા અન્ય સ્ટાફ ઉપરાંત દાખલ દર્દીઓ તાલીમાર્થી વિદ્યાર્થીઓ દ્વારા કુદરતી ઉપચારમાં ઉપયોગી એવા નગોડ, સરગવો, અરડૂસી, નીલગીરી, હરડે, અશોક વૃક્ષ, અર્જૂન છાલ, આંબાળ, પપૈયા તથા કુંવારપાઠુ જેવી અનેક આયુર્વેદિક ઔષધીઓની વાવણી કરવામાં આવી હતી. ડૉ. ધર્મેશ પટેલે દાખલ દર્દીઓને રોપણી કરવામાં ઔષધીઓની સમજ તથા સારવારમાં તેની ઉપયોગિતા સમજાવી હતી.

## શબ્દાવલી - ૪૮૦૭



**આડી ચાવી**

૧. હોળી પછીનો દિવસ (૩)
૩. અમર પદ, અમર થવું (૪)
૬. ... નો ખેલ, કટોકટીનો સમય (૪)
૭. વાંહે, પછવાડે (૩)
૯. નૈયા, હોડી (૨)
૧૦. પાણીની ચકલી (૨)
૧૧. સૈન્ય, સેના (૩)
૧૨. પરીક્ષા (૩)
૧૩. ...હવે વધુ નહિ આટલું પૂરતું છે (૨)
૧૫. લપિયો, બહુ... કરે તેવો (૨)
૧૬. ધૃતરાષ્ટ્રની પત્ની (૩)
૧૭. પલંગ, સેટી (૨)
૧૮. મીયા પડે પણ... ઊંચી જ રાખે (૩)
૧૯. શરીર, તન (૨)
(૨૦) શક, શંકા (૩)

**ઊભી ચાવી**

૧. સ્મોકીંગ, સિગારેટ-પીડી પીવે તે (૪)
૨. મજાક, મશ્કરી (૩)
૩. એક સુકો મેવો (૪)
૪. તીખા, તેજાનો (૨)
૫. ... માતા-પિતા... (તમેજ) (૩)
૮. પ્રપંચ (૫)
૧૧. ના કોઈ ઉંમગ... મેરી જિંદગી હે કયાં... હે (૫)
૧૩. સધ, સો (૨)
૧૪. સંપૂર્ણ, પુર્ણ (૪)
૧૫. લાફો, ધોલ (૩)
૧૬. અર્જુનનું હથિયાર... ધનુષ્ય (૩)

**શબ્દાવલી ૪૮૦૬ના જવાબ**

**આડી ચાવી :-** (૧) મુલાકાત (૪) કટુતા (૬) કાળ (૭) ડઝન (૯) લપડાક (૧૦) લોકલ (૧૨) રેલ (૧૩) બનાટ (૧૪) વડી (૧૫) તાર (૧૬) સામેલ (૧૭) સુકાન (૨૦) ફટકારવું (૨૧) ડર

**ઊભી ચાવી :-** (૧) મુકાબલો (૨) લાળ (૩) તડપ (૪) કનક (૫) તાલમેલ (૮) ઝડાઉ (૯) લલના (૧૨) કબર (૧૨) રેડીમેઇડ (૧૪) વસા (૧૫) તારીફ (૧૭) સુકા (૧૮) કાર (૧૯) નવુ

## નવું જીવન બક્ષતું સાધન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુનિવર્સિટી ઓફ કેલીફોર્નિયામાંથી ડોક્ટરેટની ડિગ્રી મેળવનાર પ્રભાત રંજન કહે છે કે આ સાધનમાં હજુ સંશોધનો ચાલી રહ્યા છે. લકવાગ્રસ્ત વ્યક્તિઓને વધુ ને વધુ મદદરૂપ બનવાનો અમે પ્રયાસ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનાઓથી પ્રભાત રંજનની ટીમ વડોદરા, દિલ્હી, કોલકત્તા, મુંબઈ, અલાહબાદ અને પટણાની વિવિધ હોસ્પિટલોમાં જી આ સાધનની અસર ચકાસી રહી છે. મુંબઈની કોકીલાબેન હોસ્પિટલે તો આ સાધનની તાલીમ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરી છે.

વિકલાંગ વ્યક્તિઓના જીવનને સરળ બનાવતા સાધનો વિકસાવવામાં આપણો દેશ ખુબ પાછળ છે. વ્હીલચેર, ઘોડી જેવા પરંપરાગત સાધનો સિવાય આધુનિક ટેકનોલોજીની મદદથી સાધનો બનાવી શકાય તેની કોઈને ખબર જ નથી. પ્રભાત રંજને તે દિશામાં કામ સરૂ કરી નવી આશા જગાવી છે. વિકલાંગો કે લકવાગ્રસ્ત વ્યક્તિઓ હવે કોઈની મદદ વિના જીવી શકે તેવા સાધનો વિકસાવવામાં ગતિ આવશે તેવી આશા છે. આ સાથે જ તેઓ પોતાની લાગણીઓ દર્શાવી જીવનને બહેતર બનાવી શકશે.

## મન મોહી લે છે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજીવન ચાહક થઈ જાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા જેવા શહેરોમાં કૃષિ વિભાગના સહયોગથી યોજાતા ખારેક મહોત્સવે તેની લોકપ્રિયતા ખુબ વધારી દીધી છે. ખેમરાજભાઈ કહે છે કે હવે તો મુંદ્રાના ખેડૂતો ટપક સિંચાઈ પધ્ધતિ જેવી ટેકનીકનો ઉપયોગ ખારેકની ખેતીમાં કરી વધુ ઉત્પાદન મેળવી રહ્યા છે. ખારેકનો એક છોડ છ વર્ષ બાદ ફળ આપતો હોવાથી તેની ખુબ માવજત કરવી પડે છે. જુનથી ઓગષ્ટ દરમિયાન ખારેક પાકે છે. સુકી ખારેક બનાવતા વેપારીઓ અને કોલ્ડસ્ટોરેજમાં ખારેક સાચવતા વેપારીઓ આ સીઝનમાં ખરીદી કરવા ખેડૂતોના ફાર્મ સુધી જાય છે. ખારેકે મુંદ્રાના ખેડૂતોને બે પાંદડે કર્યા છે.

## પાણીનો કકળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાંધવાના મુહૂર્ત ટાણે પાણીની પણોજણ કકળાટનું કારણ બની હતી. શહેરના જૂના અને નવા સેક્ટરોમાં બે વિભાગમાં વહેંચાયેલી પાણી વિતરણ વ્યવસ્થા અન્વયે સે. ૧ થી ૧૩ માં હાલ સવારના ૬ થી ૯ કલાક દરમિયાન પાણીનો સપ્લાય આપવામાં આવે છે જ્યારે સવારે સરિતાઉદ્યાન સ્થિત પાણીની ટાંકીની ઈલેકટ્રીક લાઈનમાં ફોલ્ટ આવતા ટાંકીમાં પાણી ચઢવુ બંધ થઈ ગયું હતું. જેના પરિણામે નગરના નવા સેક્ટરોમાં પાણીનો સપ્લાય થયો ન હતો. બીજી તરફ રક્ષાબંધનની ઉજવણી માટે ઉત્સુક નગરજનોમાં સવારે ઉઠતા જ પાણીની પોકાર પડી હતી. રાખડી બાંધવાનુ મુહૂર્ત પણ સવારે બે કલાક દરમિયાન જ હોવાથી પાણીના કકળાટથી તહેવાર ઉત્સુકોમાં નારાજગી પ્રવર્તી હતી. નવા સેક્ટરોની ગૃહિણીઓના જરૂરી કામો પણ અટવાઈ પડ્યા હતા. આખરે સવારે ૧૦ વાગે એસ.ટી. લાઈનમાં સર્જાયેલો ફોલ્ટ રીપેર થતા પાણી વિભાગ દ્વારા સવારે ૧૦ થી ૧૨.૩૦ દરમિયાન પાણીનો સપ્લાય આપવામાં આવ્યો હતો.

## નિમણુંક પત્ર અપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ૨૩૬ અધિકારીઓ મળી કુલ ૬૧૩૬ કર્મચારીઓની ભરતીની પ્રક્રિયા પૂર્ણ કરીને નિમણુંક આપવામાં આવી હતી. વધુ બસ સારી બસ ના સંકલ્પ હેઠળ રાજય સરકારની રૂા. ૧૧૬૦ કરોડની સહાય દ્વારા નિગમે છેલ્લા છ વર્ષમાં કુલ ૮૩૪૧ નવી બસો સંચાલનમાં મુકીને આ વર્ષમાં અંદાજિત ૨૫૦૦ નવી બસો સંચાલનમાં મુકવાનું આયોજન કરવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તાર માટે વનબંધુ સાગરખેડૂ બસ સેવા સંચાલનમાં મુકવામાં આવી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# સમાચાર ઝલક

- પુનામાં બોમ્બ વિસ્ફોટમાં આતંકીઓનો હાથ હોવાની શક્યતા.
- જંતરમંતર પર અન્ના ટીમના અનશન કાર્યક્રમમાં અનુપમ ખેર તથા ફિલ્મી સિતારોઓની મુલાકાત, સલામતીની વ્યવસ્થઆ વધારી.
- રીઝર્વ બેંકની ધિરાણ નીતિથી બેંકો વ્યાજ દરો યથાવત રાખશે.
- અમદાવાદમાં શાળાની બાલિકાઓએ પોલીસ બંધુઓને રક્ષાબંધનની રાખડી બાંધી.
- થરાદમાં ધાર્મિક સ્થાનનું દબાણ તોડતાં પથ્થરમારો થયો.
- વડોદરા જી.આઇ.ડી.સી.ના ચીફ ઓફિસર રૂા. ૩,૬૦,૦૦૦ની લાંચ લેતાં ઝડપાયાં.
- પાકિસ્તાનના વિદેશ પ્રધાન હીનાના પતિના કારખાનાનું ગેસ જોડાણ કાપનાર અધિકારને પાણીચું.
- ગુજરાતમાં અંબાજી, સોમનાથ, અમદાવાદમાં એલર્ટ, તમામ ગેસ્ટ હાઉસમાં ચકાસણી થઇ.
- ઓસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થીઓનો ૨૪ ટકા વધારો.
- એસ.બી. આઇ.એ હોમલોન/ઓટો લોનમાં વ્યાજ દરમાં ઘટાડો કર્યો, ૭મી ઓગષ્ટથી અમલ.
- ઓલિમ્પિકમાં બેડમિન્ટન રમતમાં ૮ મહિલા ખેલાડીઓને રમત ફિક્સ કરવાના આરોપસર સસ્પેન્ડ કર્યા.
- લાહોરમાં બોમ્બ વિસ્ફોટ ૨૦થી વધુ ઘાયલ.
- ગુપ્તચર બ્યુરોનો અહેવાલ : કેટલાંય શહેરોમાં બોમ્બ ધડાકા કરવાની યોજના છે, રેટ એલર્ટ.

# રાજગોર જ્ઞાતિ સેવા મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં અનેક જ્ઞાતિ મંડળો પોતાની જ્ઞાતિના સંગઠન, વિકાસ માટે કાર્યરત છે. તેમાં રાજગોર જ્ઞાતિ સેવા મંડળ ગાંધીનગરમાં એક નવો જ અભિગમ અને ચીલો પાડવામાં આવ્યો. રક્ષાબંધના પવિત્ર દિવસે સૌ બ્રહ્મ પરિવાર ભેગા થઈને મંડળની આખી કારોબારીની રચના કરી અને તેમાં હોદ્દેદાર તરીકે માત્ર મહિલા ઉમેદવારની નિમણૂંક કરવામાં આવી.

રાજગોર જ્ઞાતિ સેવા મંડળના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે લીનાબેન મહેતા, ઉપપ્રમુખ તરીકે દિવ્યાબેન ભરાડ, મંત્રી તરીકે વર્ષાબેન જાની, સહમંત્રી તરીકે ઈચ્છાબેન જોષી, ખજાનચી તરીકે પ્રાર્થનાબેન મંડીર તથા મીનાબેન જોષી, બીનાબેન મહેતા, નૈના બેન દવે, નીરુબેન પંડયા, માયાબેન બોરીસાગર, ભાવનાબેન જોષી, ગીરાબેન બોરીસાગર, હીનાબેન જોષી, પુષ્પાબેન મંડીર, વીણાબેન શીલુ અને આશાબેન મહેતાની કારોબારીના સભ્ય તરીકે પસંદગી કરવામાં આવી હતી. નવા વરાયેલા મહિલા હોદ્દેદારોને નવા અભિગમ માટે અભિનંદન અને શુભ કામના પાઠવવામાં આવી હતી.

## દવાખાના અપગ્રેડ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં હવે મેડીકલ કોલેજ પણ શરૂ થઈ ચુકી હોવાથી સેક્ટરોના આ દવાખાનાને પ્રા.આ. કેન્દ્રનો દરજ્જો આપવા સહિતની બાબત પણ વિચારણામાં હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં ૧૧ જેટલા દવાખાના આવેલા છે. આ પૈકી છ દવાખાનાઓ અપગ્રેડ કરવામાં આવનાર છે.

એક તબક્કે આ દવાખાના અપગ્રેડ કરી અને અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત કોર્પોરેશનને હસ્તાંતરણ કરી દેવાની વાત પણ વિચારણામાં લેવાઈ હોવાનું જાણવા મળેલ છે. અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત મળેલા નાણાં છેલ્લા એક વર્ષથી વણવપરાયેલા પડી રહ્યા હોવાથી આ મુદ્દે પણ વિચારણાઓ ચાલતી હોવાનું જાણવા મળેલ છે. જો કે એક એવી પણ વાત છે કે ગ્રામ્ય વિસ્તારનું એક દવાખાનુ પણ સમાવાયુ નથી અને શહેરમાં ૮ જેટલા ગામો સમાવિષ્ટ થયા હોવાથી હવે તંત્રના ઉચ્ચ અધિકારીઓ પર સમગ્ર બાબત છોડી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## કૃષિ વિષયક વિજ-જોડાણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિષયક વીજ જોડાણો ડાર્કઝોનના વિસ્તારો સહિત યુદ્ધના ધોરણે આપવાની ઝુંબેશ હાથ ધરાશે જે માટે રૂ. ૧૫૦૦ કરોડ ખર્ચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પીવાના પાણી માટે નર્મદા કેનાલ આધારિત પાઈપલાઈનના નેટવર્કના ખૂટતી કડીના તમામ કામો યુદ્ધના ધોરણે હાથ ધરીને સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પીવાના પાણી માટે તાકીદનું વ્યવસ્થાપન વિતરણ વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.

આગામી ત્રણ મહિના સમગ્ર ગુજરાતમાં ઘાસચારાના વાવેતર વિશાળ પાયા ઉપર કરવાનો સર્વગ્રાહી કાર્યક્રમ અમલમાં મુકવો.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં છેલ્લા દસ વર્ષથી સારા વરસાદના પરિણામે કૃષિ વિકાસ અને ગ્રામ વિકાસને જે વેગ મળેલો છે તે સંદર્ભમાં આ વર્ષે દુષ્કાળની ગંભીર પરિસ્થિતિમાં પણ આપત્તિને અવસરમાં બદલીને અસરગ્રસ્ત વિસ્તારોની પડખે ઉભા રહીને પડકારનો સામનો કરવાનું સામર્થ્ય સરકારીતંત્રમાં છે તેની અનુભૂતિ કરાવવા માટેનું પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

## વરસતો નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમએમ, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૭૧ એમએમ, સૌરાષ્ટ્રમાં ૯૬ એમએમ, અને દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ૩૫૦ એમએમ વરસાદ પડ્યો છે. જેમાં કચ્છના ત્રણ તાલુકા કોરાધાકોર છે એટલે કે બિલકુલ વરસાદ પડ્યો નથી તેમજ કચ્છના પાંચ, ઉત્તર ગુજરાતના એક, સૌરાષ્ટ્રના ત્રણ એમ મળી કુલ ૯ તાલુકામાં માત્ર એકથી સવા ઈંચ જેટલો જ વરસાદ પડ્યો છે. રાજ્યમાં ૬૨ ટકા જ વાવણીનું કાર્ય પૂર્ણ થયું છે. વરસાદ ખેંચાતા બિયારણ નિષ્ફળ જાય એવી સ્થિતિ સર્જાઈ છે. હજુ ૩૩.૪૫ ટકા વિસ્તારમાં હજુ પણ વાવણી થઈ નથી. રાજ્યમાં કુલ ૨૯૬ ગામોને ટેન્કરો દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જેમાં જૂનાગઢના ૮૨ ગામો, રાજકોટના ૭૬ ગામો, જામનગરના ૬૬ ગામો, કચ્છના ૩૯ ગામો, પાટણના ૧૬ ગામો, બનાસકાંઠાના ૯ ગામો અને પોરબંદરના ૮ ગામોનો સમાવેશ થાય છે.